-:જાહેરનામું:-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે થયેલ હુકમ**

**નંબર.વિ.શા/એચ. સેકશન/ ૬૮ / ૨૦૧૫**

વંચાણે લીધા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી ગુ.રા.ગાંધીનગરની કચેરીના ક્રમાંક:- જી-૧/ક્રાઈમ-ટે-૨/પર્યુષણ જાહેરનામા/૨૮૦૫/૨૦૧૧ તા.૨૪.૮.૨૦૧૧

તા.૧૦.૦૯.૨૦૧૫ થી તા.૧૭.૦૯.૨૦૧૫ સુધી પર્યુષણના તહેવાર દરમ્યાન અધિકૃત કતલખાનાની બહાર કે કોઈ જાહેર કે ખાનગી સ્થળે જ્યાં બહારથી જોઈ શકાય તે રીતે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, બકરા વિગેરે કોઈ પણ પશુ ની કતલના કારણે સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ રહે છે.તેમજ જૈન સમાજની ધાર્મીક લાગણીઓ દુભાય તેમ છે.જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબના પગલા લેવા જરુરી છે.

જેથી હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રુએ ફરમાવું છુ કે, તા૧૦.૦૯.૨૦૧૫ થી તા.૧૭.૦૯.૨૦૧૫ સુધી પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં કોઈ પણ વ્યકિત કોઈપણ પશુની અધિકૃત કતલખાનાની બહાર કે જાહેર કે ખાનગી જગ્યામાં કે, જ્યાં બહારથી જોઈ શકાય તે રીતે કોઈ પણ પશુની કતલ કરવી નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ના અધિનિયમ ૪૫ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત અમદાવાદ શહેરમાં જાહેર જગ્યાઓ ઉપર તેની નકલો ચોંટાડી તેમજ લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે કરાવવી.

આજ તારીખ:-૦૯/૦૯/ ૨૦૧૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યા.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

પ્રતિ,

(૧)સંયુકત પો.કમિ.શ્રી.ક્રાઇમ બ્રાંચ/ સેકટર-૨/મુખ્ય મથક અમદાવાદ શહેર

(૨)અધિક પો.કમિ.શ્રી સેકટર-૧ તથા ટ્રાફિક શાખા અમદાવાદ શહેર

(૩)ના.પો.કમિ. શ્રી ઝોન ૧ થી ૭ તથા ટ્રાફિક શાખા,ક્રાઇમ બ્રાંચ,કંટ્રોલ રૂમ ,અમદાવાદ શહેર

(૪)ના.પો.કમિ.શ્રી (ઇન્ટે) અમદાવાદ શહેર

(૫)મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપામેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ ૫ નકલો અત્રે વિશેષશાખાને મોકલી આપવી (P.T.O)